# ફૂડ સ્ટેમ્પ્સ

જ્યોર્જિયન હવે [www.compass.ga.gov](http://www.compass.ga.gov) અંતે જ્યોર્જિયા કોમ્પાસ દ્વારા ફૂડ સ્ટેમ્પ્સ માટે ઓનલાઇન અરજી કરવા માટે સક્ષમ છે!

જ્યોર્જિયા સપ્લિમેન્ટલ ન્યૂટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (SNAP), જે ફૂડ સ્ટેમ્પ પ્રોગ્રામ તરીકે પણ જાણીતો છે, એ સંઘના ભંડોળ દ્વારા ચાલતો કાર્યક્રમ છે જે ઓછી આવક ધરાવતા પરિવારોને ખોરાકના ખર્ચની ચૂકવણી કરવામાં મદદ કરવા માટે માસિક લાભ પૂરા પાડે છે. એક પરિવાર એ એકલી રહેતી એક વ્યક્તિ, એક કુટુંબ, અથવા કેટલાક લોકો, સબંધ ના ધરાવતી એવી વ્યક્તિઓ કે જેઓ એક સાથે રહે છે અને નિયમિત રીતે ભેગા મળીને ખરીદી કરે છે અને રસોઈ બનાવે છે, તેઓ હોઇ શકે છે.

ફૂડ સ્ટેમ્પ ના લાભો માટે કોઇ પણ અરજી કરી શકે છે. આ કાર્યક્રમ મર્યાદિત આવક અને સંસાધન ધરાવતા પરિવારોને મદદ કરે છે.

લાભો માટે અરજી વિશે જાણકારી મેળવવા અને યોગ્યતાના જરૂરિયાતો વિશે જાણવા માટે અહીં ક્લિક કરો.

અરજી દાખલ થયેલી ત્યારે ગણાય છે જ્યારે અરજીમાં પરિવારના વડાનું નામ, સરનામું, તારીખ અને પરિવારના વડા અથવા પરિવારના અન્ય સભ્યના હસ્તાક્ષર હોય અને સ્થાનિક કાઉન્ટી વિભાગ દ્વારા સ્વીકારાયેલી હોય. કુટુંબ અને બાળ સેવાઓ વિભાગને અરજી રૂબરૂ, ટપાલ દ્વારા અથવા ફેક્સ મારફતે અથવા ઓનલાઇન પર કરી શકાય છે.

ફોર્મ 297 - મેળવવા માટે અહીં ક્લિક કરો - લાભો માટે અરજી

**અરજી દાખલ કર્યા પછી** તમે અથવા તમારા પરિવારનો સભ્ય નો DFCSના કર્મચારી દ્વારા ઇન્ટર્વ્યૂ થાય છે. જે વ્યક્તિનો ઇન્ટર્વ્યૂ લેવામાં આવે તેને તમારા પરિવારની સ્થિતિ વિશે જાણ હોવી જોઇએ.

વૃદ્ધ/વિકલાંગ વ્યક્તિ અથવા કચેરી (Office) એ આવવામાં સમસ્યા અનુભવતા વ્યક્તિઓનો ઇન્ટર્વ્યૂ ફોન પર, પૂર્વ-આયોજિત ઘર મુલાકાત અથવા કચેરી(Office) મુલાકાત દ્વારા પૂર્ણ કરી શકાય છે.

વૃદ્ધ/વિકલાંગ ઘરોમાં એકંદર આવક જથ્થો અનુલક્ષીને લાભો માટે લાયક સાબિત થઈ શકો. લાભો માટે અરજી કરવા માટે, સ્થાનિક કાઉન્ટી વિભાગમા કુટુંબ અને બાળ સેવાઓ વિભાગને સંપર્ક કરો અથવા [www.compass.ga.gov](http://www.compass.ga.gov) પર કોમ્પાસની વેબસાઇટ પર જાઓ.

જ્યોર્જિયા કોમ્પાસ ગ્રાહકોને ફૂડ સ્ટેમ્પ્સ માટે ઑનલાઇન ઉપર અરજી કરવા માટે પરવાનગી આપે છે અને પૂર્વ સ્ક્રીનીંગ સાધન દ્વારા અન્ય માનવ સેવાઓ વિભાગ (DHS) સામાજિક સેવાઓ કાર્યક્રમો માટે તેમના સંભવિત યોગ્યતા ચકાસવા માટે પરવાનગી આપે છે. ગ્રાહકો, જે જ્યોર્જિયા કોમ્પાસમાં ખાતું બનાવે છે તે તેમની અરજીની પરિસ્થિતિ ઓનલાઈન પર તપાસી શકે છે.  અને કોઈપણ ફૂડ સ્ટેમ્પ પ્રાપ્ત કરનાર જ્યોર્જિયા કોમ્પાસ દ્વારા તેમના ઘરની સંજોગોમાં ફેરફાર કરી શકે છે. માનવ સેવાઓ વિભાગ (DHS), ઝડપી, મૈત્રીભર્યું અને અમારી સાથે તમારા અનુભવને સરળ બનાવવા માટે પ્રયાસશીલ છે! આજે આ લિંક: www.compass.ga.gov સાથે જ્યોર્જિયા કોમ્પાસ પર જવા માટે પ્રયાસ કરો:

## ફૂડ સ્ટેમ્પ કાર્યક્રમ માટે નાગરિક અધિકાર - બિન ભેદભાવ નિવેદન

"સમવાયી (ફેડરલ) કાયદો અને કૃષિ વિભાગ (એગ્રીકલ્ચર) યુએસડીએ (USDA) ના અનુસાર, આ સંસ્થા વંશ, રંગ, રાષ્ટ્રીય મૂળ, જાતિ, ઉંમર, અથવા અપંગતાના આધારે ભેદભાવ માંથી પ્રતિબંધિત છે.  ફૂડ એન્ડ ન્યુટ્રીશન એક્ટ 2008 અને યુએસડીએ (USDA) નીતિના હેઠળ, ભેદભાવ પણ ધર્મ અથવા રાજકીય માન્યતાઓને આધારે પ્રતિબંધિત છે."

ભેદભાવની ફરિયાદ ફાઇલ કરવા માટે, તમે યુએસડીએ ને સંપર્ક કરી શકો છો. USDA, Director, Office of Civil Rights (યુએસડીએ, નિયામક, નાગરિક અધિકાર કચેરી) 1400 Independence Ave, SW, Washing D.C. 20250-9411 અથવા (800) 795-3272 (અવાજ) પર કૉલ કરો અથવા (202) 720-6382 (TTY)

ઉપરાંત તમે ભેદભાવની ફરિયાદ ફાઇલ કરવા માટે DFCS Civil Rights Program, (DFCS નાગરિક અધિકાર કાર્યક્રમ) Two Peachtree Street,  N.W, Suite 19-248, Atlanta, GA 30303 ને સંપર્ક કરી શકો છો અથવા (404) 657-3735 પર કૉલ કરો અથવા (404) 463-3978(Fax) પર ફેક્સ કરો.

કાઉન્ટીની DFCS ઓફિસની ચોક્કસ જગ્યા શોધવા માટે - અહીં ક્લિક કરો